# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૦૪/૦૫/૨૦૨૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૧૬૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૬૬ બિયરટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૬ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૯૩/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** સુનીલભાઇ દ્વારકાનાથ ભટ્ટ (ઉ.વ.૫૮)(રહે.સાગર એપાર્ટમેન્ટ સારથી હોટલ સામે બોડકદેવ)એ તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી તા.૦૨/૦૫/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, બેડરૂમના કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૯૪/૨૦૨૫**

**કાગડાપીઠઃ** મુકેશભાઇ પરષોતમભાઇ લાલવાણી (ઉ.વ.૩૯)(રહે.જલારામ સોસાયટી બાલાસિનોર જી.મહિસાગર) એ તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે અણુવ્રત સર્કલ થી હીરાભાઇ માર્કેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી મુકેશભાઇની નજર ચુકવી તેમના પેન્ટના ખિસ્સામાથી રોકડ રૂપિયા ૪૮,૦૦૦/- ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** કલ્પાબેન કીરીટભાઈ પટેલ (ઉ.વ.૪૯) (રહે. વીર સાવરકર હાઈટસ–૦૧, વસંતનગર ટાઉનશીપ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

**બાપુનગરઃ** સકીનાબાનુ ડો/ઓ આબીદઅલી બખેડુ અંસારી (ઉ.વ.૧૭)(રહે.કાશી વિશ્વનાથનગર અજીતમીલ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૫/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયરાજસિંહ હરીસિંહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** રમેશભાઈ હીરાભાઈ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.સત્યમ ફ્લેટ, સ્વસ્તિક બંગ્લોઝ પાસે, રાયપુર મીલ, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના હુક સાથે સુતરની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનીલભાઇ સોનજીભાઇ ચલાવે છે.

**ખોખરાઃ** અંજુબેન વા/ઓ પંકજભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૫)(રહે.હરિપુરા જોગણી માતાના મંદીરની બાજુમા, કાનજીભાઇની ચાલી ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૫/૨૦૨૫ સવારના ૮/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી